| | |
|---|---|
| રજુ થયા તારીખઃ | ૧૩/૦૨/૨૦૨૬ |
| દાખલ થયા તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ |
| ફેસલ થયા તારીખ | ૧૪/૦૫/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષઃ માસઃ દિવસઃ |

**બોટાદના મહે. એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં, મુ.બોટાદ.**

ફો.કે.નંબરઃ-૧૫૧/૨૦૨૬

આંક-

**શ્રી સરકાર**

..... .....ફરીયાદી.

**વિરૂધ્ધ**

**ઈશ્વરભાઈ ઉર્ફે ટીકુ ગોરાભાઈ સોલંકી,**
ઉ.વ.આ.૪૦, ધંધો-હીરા મજુરી,
રહે.સમઢીયાળા નં.૨, ટાવરવાળી શેરી, તા.જિ.બોટાદ.

.... ....આરોપી.

**ગુનોઃ- ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ.**

શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી ડો.પી.એન.કાંગ્રીચા.
આરોપી તરફે વિ.વકીલ શ્રી એ.એમ.સાંકળીયા.

## :: <u>ઠ રા વ</u> ::

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ અરજી કરેલ તે બાબતે ગઈ તા.૨૪/૧૧/૨૦૨૫ ના આશરે સાતેક વાગ્યાની આસપાસ આ કામના આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર આર્યનનાઓએ આવી, સાહેદ મિલનને ઢીકાપાટુનો માર મારી મુઢ ઈજા કરી, ભુંડાબોલી ગાળો આપી, ટાંટીયા ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી

કરી, આરોપીએ ગુનો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આ કામના આરોપી વિરૂદ્ધ તપાસ કરનાર અધિકારીએ પુરતો પુરાવો જણાતાં, હાલના ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક-૦૨ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીની આંક-૦૩ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરિયાદી રાજુભાઇ છનાભાઇ સોલંકીની જુબાની |
| ૨ | ૦૮ | સાહેદ મિલનભાઇ રાજુભાઇ સોલંકીની જુબાની |

**<u>ફરીયાદપક્ષનો લૈખિત પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરિયાદની ખરીનકલ. |
| ૨ | ૦૯ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. |

(૪) ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ ફરિયાદપક્ષ તરફે આંક – ૧૦ થી પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પુરતો પુરાવો જણાતાં આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્ધાન એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ અરજી કરેલ તે બાબતે ગઇ તા.૨૪/૧૧/૨૦૨૫ ના આશરે સાતેક વાગ્યાની આસપાસ આ કામના આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર આર્યનનાઓએ આવી, સાહેદ મિલનને ઢીકાપાટુનો માર મારી મુઢ ઈજા કરી, ભુંડાબોલી ગાળો આપી, ટાંટીયા ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ – ૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોક્ત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧.**

(૮) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ

સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. ***નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]*** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

(૯) સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૧૦) ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ– ૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ મુકેલ છે. ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના અગત્યના સાહેદ **નં.૧ ફરીયાદી રાજુભાઇ છનાભાઇ સોલંકીની આંક–૦૬** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, આ કામના આરોપી તેમના કુટુંબી સગા થાય છે અને તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને તેઓએ જે તે આરોપી વિરૂદ્ધ ફરિયાદ કરેલી જે ફરિયાદીની ખરીનકલ બતાવતા જોઇને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તે જ છે જે રજૂ દાખલ આંક–૦૭ આપવામાં આવેલ છે, આ સીવાય કશું બનેલ નહીં, આ કામના આરોપીઓને પહેલેથી જ ઓળખે છે. સદર સાહેદ તેમની જુબાનીમાં રજુ થયેલ ઉપરોક્ત ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી. ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા તેઓએ ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ, આરોપીઓએ તેઓને કોઇ ધાકધમકી આપેલ હોય તેવું બનેલ નથી, પોલીસે ફક્ત મારુ નામ સરનામું પુછેલ અને ફરિયાદ જાતે લખી લીધેલ અને ફરિયાદ વાંચી સંભળાવેલ નહીં અને માત્ર સહી કરેલ.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષના **સાહેદ મિલનભાઇ રાજુભાઇ સોલંકીની આંક–૦૮** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, આ કામના આરોપી તેમના કુટુંબી સગા થાય છે અને તેઓને સામાન્ય બોલાચાલી થયેલી જેથી તેમના પિતાએ આરોપી વિરૂદ્ધ ફરિયાદ કરેલી અને પોલીસે તેમનું નીવેદન નોંધેલ અને આ સીવાય કશું બનેલ નહીં, આ કામના આરોપીઓને પહેલેથી જ ઓળખે છે. સદર સાહેદ ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી.

ત્યારબાદ સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા તેઓએ ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ, આરોપીઓએ તેઓને કોઇ ધાકધમકી આપેલ હોય તેવું બનેલ નથી, પોલીસે ફક્ત મારુ નામ સરનામું પુછેલ અને ફરિયાદ જાતે લખી લીધેલ અને ફરિયાદ વાંચી સંભળાવેલ નહીં અને માત્ર સહી કરેલ.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ-</u>**

**(૧૨)** આ કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો આક્ષેપ કરેલ છે. સદર ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

**<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨) સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબતઃ</u>**

જે કોઈ વ્યક્તિ સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે , તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની , અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે . કલમ -૧૧૫(૨) ના આવશ્યક તત્વો નીચે મુજબ છે .

**<u>કલમ-૧૧૫(૨) ના આવશ્યક તત્વોઃ</u>**

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

(૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતુ .

**<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૯૬(ખ) અશ્લીલ કૃત્યો અને ગીતો બાબતઃ</u>**

જે કોઈ વ્યક્તિ બીજાને ત્રાસ થાય એ રીતે, તેને ત્રણ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે. કલમ -૨૯૬(ખ) ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**કલમ–૨૯૬(ખ) ના આવશ્યક તત્વોઃ**

(૧) આરોપીએ કોઇ જાહેર સ્થળ કે તેની નજીકમાં કોઇ અશ્લીલ ગીત કે કાવ્યો ગાય, સંભળાવે, અશ્લીલ શબ્દો ઉચ્ચારે

**(૧૩)** હવે આ કામે આક્ષેપિત કલમોના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે અંગે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં સૌપ્રથમ ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી રાજુભાઇ છનાભાઇ સોલંકીને આંક–૦૬ થી સોગંદ પર તપાસેલ છે અને જણાવેલ છે કે આરોપી તેમના કુટુંબી થાય છે અને તેઓની સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર ફરિયાદી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતાં ન હોય તેઓને ફરીયાદપક્ષની વિનંતીથી વિમુખ જાહેર કરેલ. સદર સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો બનાવ સમયે આરોપીએ ફરિયાદીને ઈજા કરેલ હોય તેવી પણ કોઈ હકીકત કે કોઇ અશ્લીલ ગાળો આપેલાની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. એટલું જ નહી પરંતુ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં પણ તેઓએ જણાવેલ છે કે, બોલાચાલી થતા ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ અને આરોપીએ ધમકી આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ વિરૂદ્ધનો ગુન્હો પુરવાર કરવાના કોઈપણ તત્વો આ સાહેદની જુબાની થકી અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં ફરિયાદપક્ષ દ્વારા સાહેદ મિલનભાઇ રાજુભાઇ સોલંકીને આંક–૦૮ થી સોગંદ પર તપાસેલ છે અને જણાવેલ છે કે આરોપી તેમના કુટુંબી સગા છે અને તેઓની સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતાં ન હોય તેઓને ફરીયાદપક્ષની વિનંતીથી વિમુખ જાહેર કરેલ. સદર સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો બનાવ સમયે આરોપીઓએ ફરિયાદીને ઈજા કરેલ હોય તેવી પણ કોઈ હકીકત કે કોઇ અશ્લીલ ગાળો આપેલાની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. એટલું જ

નહી પરંતુ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્બારા સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં પણ તેઓએ જણાવેલ છે કે, બોલાચાલી થતા ઉશ્કેરાટમાં તેમના પિતાએ ફરિયાદ આપેલ અને આરોપીએ ધમકી આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ વિરૂદ્ધનો ગુન્હો પુરવાર કરવાના કોઈપણ તત્વો આ સાહેદની જુબાની થકી અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી.

## (૧૪) ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૫૨ સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાનઃ

કોઈ વ્યક્તિ ઉશ્કેરાઈ જઈને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિ નો ભંગ કરશે અથવા કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ વ્યક્તિ ઈરાદા પુર્વક અન્ય વ્યક્તિનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે લગતતી જોગવાઈ આ કલમમાં દર્શાવવામાં આવેલ છે.

<u>સદર કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે,</u>

(૧) આરોપીએ ઈરાદા પુર્વક કોઈ વ્યક્તિ નું અપમાન કર્યું,
(૨) તેમ કરીને આરોપી તે વ્યક્તિ ને ઉશ્કેરવા માંગતી હતી,
(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહ શાંતિ ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

## (૧૫) ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૫૧ ગુનાહિત ધમકીની સજાઃ–

કોઈપણ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને ૦૨ વર્ષ સુધીની બે માંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા

આજીવન કેદની અથવા ૦૭ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને ૦૭ વર્ષ સુધીની બેમાંથી કોઇ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

ઉપરોક્ત ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા જોઇશે.

૧.) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યક્તિમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨.) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબંધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નીપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા ૦૭ વર્ષ સુધીની કેદને સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

**(૧૬)** વધુમાં આ કામે બચાવપક્ષની સંમતિથી આંક-૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામાની ખરીનકલ રજુ કરેલ છે. પરંતુ આ કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ જાતે ફરીયાદી તથા સાહેદ દ્વારા જ આ કામના આરોપીઓ દ્વારા તેઓને ઈજા પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી ન હોય, બચાવપક્ષની સંમતીથી રજુ થયેલ દસ્તાવેજો ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૭)** હાલ ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ આ કામના મહત્વના સાહેદ હોવાછતાં તેઓના પુરાવા ઉપરથી આરોપીઓની સદરહુ ગુનામાં કોઇ સંડોવણી થતી હોવાનું જણાઇ આવતું નથી. આ સંદર્ભે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૩૯ ને ધ્યાને લેતાં

તેમાં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, No Particular number of witnesses shall in any case be required for the proof of any fact.

નામદાર સુપ્રિમકોર્ટે Veer Singh Vs. State of U.P. Cri. Appeal No. 256-257 of 2009, Dt.: 10-12-2013 માં ઠરાવેલ છે કે, ... The weight and quality of Evidence are important rather than quantity Multiplicity or plurality of witness. Evidence must be weighted and not counted as per S. 134 of Evidence Act.

આમ, કેસના નિર્ણય માટે પુરાવાની ગુણવત્તા મહત્વની છે, નહીં કે પુરાવાની સંખ્યા તેવું ઠરાવેલ છે. આજ સંદર્ભે **૧૯૯૬(૨), કરન્ટ ક્રિમીનલ રીપોર્ટર, સતિષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન પાના નં. ૪ ના ચુકાદામાં** નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે જજને ચોકકસપણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા વેડફવો નહિ, જેથી આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવશે તો પણ કેસના ગુણદોષમાં કોઇ ફેરફાર થશે નહી.

**(૧૯)** આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીઓએ ફરીયાદી સાથે આચરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તેની જુબાનીમાં જણાવતા નથી. આમ, સમગ્રરીતે જોતાં, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ – ૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## **:: આ ખ રી હુ ક મ ::**

**(૧)** આરોપી ઇશ્વરભાઇ ઉર્ફે ટીકુ ગોરાભાઇ સોલંકી, રહે.સમઢીયાળા નં.૨, ટાવરવાળી શેરી, તા.જિ.બોટાદનાઓને ભારતીય

નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે હાજર રહેવાની ખાત્રી આપતો છ માસની સમય મર્યાદા માટેના આરોપીએ રૂ.૫૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કરવો.

હુકમ આજ તારીખઃ–૧૪મી, માહેઃ–મે, સનેઃ–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ બોટાદ
તારીખઃ–૧૪/૦૫/૨૦૨૬

**(એન. એચ. શેખ)**
એડિ.ચીફ જ્યુડિશિયલ મેંજિસ્ટ્રેટશ્રી
તા.જિ.બોટાદ.
(જી.જે.૦૦૮૬૩)

સી.એમ.નાકિયા
ગુજરાતી સ્ટેનોગ્રાફર